# અષ્ટાવક્ર

ઉદ્દાલક ઋષિને બે પુત્રો : નામે શ્વેતકેતુ અને નચિકેતા, અને એક પુત્રી નામે સુજાતા. સુજાતાનાં લગ્ન કહોડ ઉર્ફે કહોલ નામના ઋષિ સાથે થયેલાં.

સુજાતા અને કહોડના પુત્રનું નામ અષ્ટાવક્ર. સુજાતાના ભાઈનું નામ શ્વેતકેતુ. શ્વેતકેતુ એ રીતે અષ્ટાવક્રના માતામહ (દાદા) થાય.

એક વખત દાદા અષ્ટાવક્રે માતામહ ઉદ્દાલકને 'હે તાત !' કહી બોલાવ્યા અને ત્યારે મામા શ્વેતકેતુએ એની મશ્કરી કરતાં એને કહ્યું, 'એ તાત તો ખરા પણ મારા, તારા નહિ. તારા તો એ માતામહ થાય. તારા તો અહીં કોઈ તાત છે જ નહિ.'

અષ્ટાવક્ર ફરિયાદ કરતો એની માતા સુજાતા પાસે પહોંચી ગયો, 'મા ! મા ! મારા તાત કોણ છે ? ક્યાં છે ?'

સુજાતા કશું ન બોલી પણ એની આંખમાં આંસુ આવી ગયાં.

અષ્ટાવક્રે એનું કારણ પૂછ્યું.

સુજાતાએ કહ્યું, 'તારા તાત તો જળમાં ડૂબ્યા છે.'

'કેવી રીતે ? શાથી ?' પુત્રે પૂછ્યું.

સુજાતાએ કહ્યું, 'જનક રાજાના દરબારમાં તારા પિતા ને વરુણના પુત્ર બંદી વચ્ચે જ્ઞાનની હરીફાઈ થઈ. બન્નેએ પ્રતિજ્ઞા લીધેલી કે હારે તે જળસમાધિ લે. કોઈથી ન હારનારા તારા પિતા એમાં હાર્યા અને શરત પ્રમાણે એમને જળસમાધિ લેવી પડી.'

અષ્ટાવક્રે કહ્યુ, 'તો મા ! પિતાને હારાવનાર એ પંડિત બંદીને હવે હરાવીને જ હું રહીશ.'

જોતજોતામાં દીકરાએ આકરું પણ લઈ લીધું. એક તો પતિને ગુમાવેલો ને એમાં પુત્રને પણ ગુમાવવા પડે એવી પરિસ્થિતિ આવી.

સુજાતાએ ભાઈ શ્વેતકેતુને કહ્યું, 'આ બધાના મૂળમાં તું છે, તેં જો અષ્ટાવક્રની મશ્કરી ન કરી હોત તો એણે આવું કપરું વેન ન લીધું હોત. હવે તું જ એને વાળ.'

શ્વેતકેતુએ કહ્યું, 'બહેન ! નાહક ચિંતા છોડી દો. તમારો પુત્ર વિદ્યામાં કમ નથી ને હું એની સાથે જઈશ ને જોઈશ કે એ બંદીને હરાવે. પિતાજી પણ અષ્ટાવક્રની વિદ્યાની ઉત્તમતા પ્રમાણે છે.'

'પણ ભાઈ ! ધાર કે બંદીએ એને હરાવ્યો તો પતિ તો ગુમાવ્યા છે ને પુત્રને પણ હું ખોઈ બેસું.'

'બહેન ! પુત્રને આવી નિર્માલ્ય તાલીમ ન આપો. બેઠાડુ ને સંકટવિહોણું જીવન જીવવાનો અર્થ એ પણ શો છે ? ખરો વીર તો જીવનને કસોટીએ ચઢાવે ને પરાક્રમ કરી વિજયશ્રી વરીને જ અટકે. હું અની સાથે જઈશ. તમે ચિંતા બધી મને સોંપી દો.

સુજાતાનું મન તો ન માન્યું પણ મામા—ભાણેજ બેઉ જશે એ જાણી એણે થોડી નિરાંત અનુભવી.

અષ્ટાવક્ર શ્વેતકેતુની સાથે જનક રાજાની મિથિલા નગરીમાં આવી ઊભાં રહ્યો ને જનકના દરબારમાં હાજર થયો. અષ્ટાવક્રનાં આઠે અંગ વાંકાં. આવા કૂબડાની થોડી મશ્કરી પણ થઈ, પણ એથી તો ઊલટો એ સ્પર્ધા કરવા વધારે તત્પર થયો.



થયેલું એવું કે રાત્રે રાજા જનકને સ્વપ્ન આવેલું. સ્વપ્નમાં જાણે રાજા ભિખારી થઈ ગયેલો. ખાવાના પણ સાંસા પડેલા ને જ્યાં કોઈકે આપેલું અન્ન એ ખાવા ગયો ત્યાં બે સાંઢિયા લડતા લડતા આવ્યા ને અન્ન અન્નને ઠેકાણે રહ્યું ને રાજાથી ચીસ પડાઈ ગઈ – એ સાથે જ રાજાની આંખ ખૂલી ગઈ. રાજાની ચીસ પડાઈ ગઈ – એ સાથે જ રાજાની આંખ ખૂલી ગઈ. રાજાની ચીસ સાંભળતાં જ

સેવકો દોડી આવ્યા. રાજા જાગીને જુએ તો સોનાના પલંગમાં પોઢ્યો છે, સુગંધી તેલીના દીવા બળે છે, ને સેવામાં સેવકો આવી ઊભા છે. રાજા વિચારે ચઢ્યો : આ બેમાંથી કઈ વાત સાચી ? પોતે દેખતા હતા એ સાચું કે સ્વપ્નમાં ઝૂંટવાઈ જતું અન્ન જોયું તે સાચું ? એ સ્વપ્ન શા માટે ? સ્વપ્ન ક્યાંથી આવે ? શા માટે આવે ? ક્યાં રહે ?

દરબારમાં રાજાએ પ્રશ્ન મૂકેલો, 'આ સાચું કે તે સાચું ?'

દરબારમાં મુનિઓ બધા – જેમાં બંદી પણ હતો – માથાં ખણે પણ કોઈને કશી ગમ ન પડે.

બરાબર એવે ટાણે જ અષ્ટાવક્ર હાજર થયો. રાજાહે એને કહ્યું, 'મારી સભાને જીતવી હોય તો મારા પ્રશ્નનો જવાબ આપો.'

અષ્ટાવક્રની જ્ઞાનદૃષ્ટિને પ્રશ્નનું રહસ્ય જણાઈ ગયું. એણે ખુલાસો કર્યો, 'મહારાજ ! તમને સ્વપ્ન આવ્યું છે. એમાં ચાલુ સ્થિતિથી ઊલટી સ્થિતિ જ તમને જોવા મળી છે. પણ મહારાજ ! એક નિયમ જાણી જે આપણી સાથે રહેતું હોય. સત્યનો એ અચળ નિયમ છે. આ સંસાર તમારી સાથે નથી આવવાનો એ પણ નક્કી, સ્વપ્નનું સુખદુઃખ તમને વળગી રહ્યું નથી એ પણ નક્કી; માટે એ બેઉ સરખાં મિથ્યા સમજો. સાથે આવે તે સત્ય, એટલે એ બન્નેને મિથ્યા સમજનારું જ્ઞાન જ કેવળ સત્ય.'

રાજાએ જવાબથી પ્રસન્ન થઈ અષ્ટાવક્રનો પરિચય પૂછ્યો. એમાં જાણવા મળ્યું કે થોડાં વર્ષો પહેલાં પોતાના જ દરબારમાં બંદીને હાથે પરાજય પામી જળસમાધિ લીધાનું કહેવાતુ હતું કે કહોડ ઋષિનો જ એ પુત્ર.

ત્યાં વધુ નવાઈની વાત એ બની બે બંદી ઊભો થઈ ગયો ને બોલવા માંડયો, 'મહારાજ ! જે જે ઋષિઓ હાર્યા હતા તેમને જળસમાધિની મેં પ્રતિજ્ઞા લેવરાવેલી એ સાચું પણ જળસમાધિ કોઈને લેવા દીધી નથી. એ સૌ ક્ષેમકુશળ છે ને વરુણના યજ્ઞમાં ગયા છે. હવે એ પરત આવશે.'

બંદી એમ બોલી રહ્યો ત્યાં જ ઋષિઓનો સમૂહ યજ્ઞ પૂરો થવાથી પરત આવી ચડયો.

કહોડ અને અષ્ટાવક્રનો ત્યાં ભેટો થયો. પિતા પુત્રને જોઈ હરખાયા.

કહોડને અષ્ટાવક્રની વિદ્યાનો પરિચય મળ્યો. કહોડના શાપથી જ અષ્ટાવક્રનાં અંગ વાંકાં થયાં હતાં. થયેલું એવું કે કહોડ ઋષિ કોઈ મંત્રનો પાઠ કરતા હતા એ વખતે માતાના ઉદરમાં રહ્યે રહ્યે પુત્રે

પિતાના પાઠની અશુદ્ધિ બતાવેલી તેથી ક્રોધે ભરાઈ પિતાએ પુત્રને આઠે અંગ વાંકાં થવાનો શાપ આપેલો. હવે પ્રસન્ન થયેલા પિતાએ પુત્રનો એ શાપ પાછો ખેંચી લીધો.

પછી શાપમુક્ત થવા અષ્ટાવક્રે મધુવિતા નદીમાં સ્નાન કર્યું. એ સ્નાનથી એનાં સર્વ અંગ સીધાં થઈ ગયાં. એ નદી એથી સમંગા નામે પ્રસિદ્ધ થઈ.

ઘેર આવી પુત્રે માતાનું પિતા સાથે મિલન કરાવ્યું.

**– 'ઉપનિષદની અમૃતકથાઓ'માંથી સાભાર**

■